


# કોવીડ-૧૯ વૅક્સિન અને તમારી ફર્ટિલિટિ (જનન ક્ષમતા)

**મેડિકલ નિષ્ણાંતો અને વૈજ્ઞાનિકો એ બાબત સંમત છે કે વૅક્સિન (રસીઓ) માટે ફર્ટિલિટિ અર્થાત જનન ક્ષમતાને પ્રભાવિત કે અસર કરવાનું શકય નથી.**

આ રસીઓ લોકોને ગંભીર રીતે બીમાર થઇ જવાથી અથવા કોવીડ-૧૯થી મૃત્યુ પામવાથી રક્ષણ આપે છે. જો તમે કોવીડ-૧૯ થઇ જવાના જોખમવાળા હોય તો, તમે રક્ષિત થઇ જાઓ અને તમને જ્યારે એ લેવાનું કહેવામાં આવે ત્યારે તમે તમારું વૅક્સિન લઇ લો એ ઘણું અગત્યનું છે.

આ વૅક્સિન ફર્ટિલિટિ અર્થાત જનન ક્ષમતાને અસર કરી શકે છે એ વિષે ઘણી બધી અફવાઓ ચાલી રહી છે પણ આ અફવાઓ સાચી નથી.

કેમ નહીં તેનાં કારણો આ રહ્યાં:

- એવી કોઇ વૈજ્ઞાનિક પ્રક્રિયા નથી જેના દ્વારા આ રસીઓ સ્ત્રીઓની જનન ક્ષમતાને અસર કરી શકે.
- તમામ રસીઓની માફક, કોવીડ-૧૯ની રસીઓ તમારા શરીરને આ રોગનો સામનો કરવાનું અને એ કરવા માટે રોગપ્રતિકારક શક્તિ વિકસાવવાનું શીખવે છે. તેમાં એવાં કોઇ ઘટક દ્રવ્યો કે પદાર્થો હોતાં નથી જે ફર્ટિલિટિને અસર કરે અને આ ઘટક દ્રવ્યો કે તત્વો થોડાક દિવસોની અંદર તમારા શરીરમાંથી દૂર થઇ જતાં હોય છે.
- એ સિદ્ધાંત કે માન્યતાને ટેકો આપવા કોઇ પુરાવો મોજુદ નથી કે 'સ્પાઇક પ્રોટીન' સામેનું સુરક્ષિતપણું ફર્ટિલિટિ અંગે સમસ્યાઓ પેદા કરી શકે છે. મોટા ભાગના લોકો જેઓને કોવીડ-૧૯નો વાયરસ લાગી જાય છે તેઓ આ 'સ્પાઇક' સામે રોગપ્રતિકારક શક્તિ વિકસાવશે અને જેઓ કોવીડ-૧૯નો ભોગ બની ચૂકયા હોય છે તેવા લોકોમાં ફર્ટિલિટિ સંબંધી સમસ્યાઓ ઊભી થયાનો કોઇ પુરાવો નથી.
- નવી દવાઓ માટે જ્યારે તેમને પ્રથમવાર ઉપયોગમાં લાવવામાં આવે છે ત્યારે સગર્ભા સ્ત્રીઓ અથવા જેઓ ગર્ભ ધારણ કરવાનું આયોજન કરી રહી હોય છે તેવી સ્ત્રીઓ માટે તેમની ભલામણ ન કરવાની એક સામાન્ય કાર્ય પ્રણાલી કે પ્રથા છે. હવે જ્યારે કે વધુ સંગ્રહિત માહિતી ઉપલબ્ધ છે, ત્યારે દવાઓની સલામતીની ચકાસણી કરવા જવાબદાર સ્વતંત્ર સંસ્થા (ધ જોઇન્ટ કમિટી ફોર વૅક્સિનેશન ઍન્ડ ઇમ્યૂનાઇઝેશન)એ પોતાની સલાહને અપડેટ કરી છે અને કહે છે કે બેમાંથી કોઇ પણ વૅક્સિન લીધા પછી સ્ત્રીઓ માટે તેમની પ્રેગ્નન્સી (સગર્ભાવસ્થા)ને વિલંબિત કરવાની કોઇ જરૂર નથી.

## નિષ્ણાંતો શું કહે છે

GP in: Dr Colin Speers, local GP and Clinical Lead for COVID-19 Vaccination, NHS Wakefield Clinical Commissioning Group (CCG)

"બેમાંથી કોઇ પણ વૅક્સિનનો ફર્ટિલિટિ પર કોઇ અસર કરતી હોવાનો, અથવા તો તે અસર કરી શકે છે તેવું સૂચવવા કોઇ કારણ હોવાનો કોઇ પુરાવો મોજુદ નથી. હું તે દરેકજણને જેમને આ વૅક્સિન ઓફર કરવામાં આવે તેમને એ ઓફર સ્વીકારી લેવાની હિમાયત કરું છું. એ સલામત છે અને આ વાયરસ સામે તમને શ્રેષ્ઠ રક્ષણ પૂરું પાડે છે."

**ધ બ્રિટીશ ફર્ટિલિટિ સોસાયટી અને અસૉસિયેશન ઑફ રિપ્રોડકટીવ ઍન્ડ ક્લિનિકલ સાયન્ટિસ્ટ્સ:**
"બેમાંનું કોઇ પણ વૅક્સિન સ્ત્રીઓની કે પુરુષોની ફર્ટિલિટિ પર કોઇ અસર કરતું હોવાનો બિલકુલ કોઇ પુરાવો, અને કોઇ સૈદ્ધાંતિક કારણ નથી."




**રૉયલ કોલેજ ઑફ ઑબ્સ્ટેટ્રિશન્સ ઍન્ડ ગાઈનીકૉલજિસ્ટ્સ ના પ્રમુખ, ડૉ એડવર્ડ મોરીસ**
“અમે સ્ત્રીઓને તસલ્લી આપવા માંગીએ છીએ કે કોવીડ-૧૯ની રસીઓ ફર્ટિલિટિ પર અસર કરશે તેવું સૂચવવાનો કોઇ પુરાવો નથી. જીવવિદ્યાની રીતે એવી કોઇ વિશ્વસનીય વિશિષ્ટ સિસ્ટમ કે પ્રક્રિયા નથી જેના થકી અત્યારની રસીઓ સ્ત્રીઓની ફર્ટિલિટિ પર કોઇ અસર કરશે. એવો કોઇ પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી કે જે સ્ત્રીઓએ રસી મુકાવી લીધી છે તેમનામાં ફર્ટિલિટિને લગતી કોઇ સમસ્યાઓ પેદા થઇ રહી છે.”

**ડૉ ગાયત્રી આમિરથાલિન્ગમ, કન્સલ્ટન્ટ, પબ્લિક હેલ્થ, ઈંગ્લૅન્ડ, નેશનલ ઈમ્યૂનાઈઝેશન ટીમ**
“અભ્યાસોમાં એવું જણાયું છે કે, બીજી રસીઓને જેમ, એકવાર તમે રસી મુકાવી લો એટલે આ રસીના ઘટક દ્રવ્યો કે પદાર્થો તમારી ‘લિમ્ફ ગ્લૅન્ડ્સ’માં પહોંચે છે અને અમુક દિવસોની અંદર જ તેમનો એક રદ્દી માલ તરીકે તમારા શરીરમાંથી નિકાલ કરી નાંખવામાં આવે છે. અને એટલે એવી કોઇ સિસ્ટમ કે પ્રક્રિયા નથી જેના થકી આ રસી તમારી અત્યારની કે ભાવિ ફર્ટિલિટિને અસર કરે.”

**પ્રોફેસર ક્રિસ વ્હીટી, ચીફ મેડિકલ ઓફિસર ફોર ઈંગ્લૅન્ડ:**
“આ રસીઓમાંની કોઈની પણ ફર્ટિલિટિ પર કોઇ અસર થતી હોવાનો કોઇ પુરાવો મોજુદ નથી, અને તેમાંની કોઇની એવી અસર થાય તો એ આશ્ચર્યજનક હશે. આ કોઇ એવી બાબત નથી જેના વિષે લોકોએ ચિંતા કરવી જોઇએ.”

**ડૉ વર્જિનિયા બૅકેટ, ક્લિનિકલ લીડ ફોર રિપ્રોડક્ટીવ મેડિસિન, બ્રેડફોર્ડ ટીચીંગ હોસ્પિટલ્સ એન.ઍચ.એસ. ફાઉન્ડેશન ટ્રસ્ટ:**
“તમારી ગર્ભધારણ કરવાની શકયતા પર આ રસીની અસરો વિષે ઘણી બધી ખોટી અને અચોક્કસ માહિતી પ્રવર્તે છે, પરંતુ જીવવિદ્યાની રીતે એવું શકય જ નથી. જો તમે સગર્ભા થવાની કોશિશ કરી રહ્યાં હોય તો તમારી પ્રેગ્નન્સી દરમિયાન તમે કોવીડ-૧૯થી રક્ષાયેલાં રહો તેની ખાતરી કરવા હું તમને આ રસી મુકાવી લેવાનું આગ્રહપૂર્વક કહીશ.”

### વિશેષ માહિતી:

- આ રસીઓ ફર્ટિલિટિ પર કેમ કોઇ અસર કરતી નથી તે સમજાવતો ડૉ ગાયત્રી આમિરથાલિન્ગમનો વીડિયો: https://www.youtube.com/watch?v=aF4Hk5C27KU&list=PLLDAq3SAWJh14Eha8es7pUVU1rCU1E5yU&index=1
- જે લોકો સગર્ભા થવાની કોશિશ કરતાં હોય તેમણે શા માટે આ રસી મુકાવવી જોઇએ તે સમજાવતો ડૉ વર્જિનિયા બૅકેટનો વીડિયો: https://twitter.com/bthft/status/1362028759822594050?s=24
- બ્રિટીશ ફર્ટિલિટિ સોસાયટી અને અસૉસિયેશન ઑફ રિપ્રોડકટીવ ઍન્ડ ક્લિનિકલ સાયન્ટિસ્ટ્સ તરફથી factsheet: https://www.arcscientists.org/wp-content/uploads/2021/02/Covid19-Vaccines-FAQ-1_2-logos-1.pdf
- રૉયલ કોલેજ ઑફ ઑબ્સ્ટેટ્રિશન્સ ઍન્ડ ગાઈનીકૉલજિસ્ટ્સ તરફથી: સગર્ભા સ્ત્રીઓ માટે કોવીડ-૧૯ વૅકિસન વિષે માહિતી અને સલાહ: https://generalpracticebulletin.cmail19.com/t/d-l-cukbhy-jlddojtjl-u/
- જો તમને આ રસી મુકાવવા વિષે કોઇ ફિકરચિંતાઓ જેવું હોય તો, સલાહ માટે તમારા જીપી સાથે વાત કરો.